# આ દુન્યામાં આપણી જન્મ લેવાની નેમ શું છે ?

આ દુન્યામાં આપણે શું કામ જન્મ લીધો છે યાને આપણી જીંદગી દરમ્યાન શું શું કામો આપણુને આ દુન્યામાં કરવાનાં છે, અને તેને માટે આપણે માથે કુદરતની કેવી કેવી જોખમદારીઓ લઇ આવ્યા છીએ, તથા મરણ બાદ આ દુન્યા છોડી ગયા પછી આપણાં સારાં અને ખરાબ કર્મો જે આપણે આ દુન્યામાં જીંદગી દરમ્યાન કીધાં હોય તેનો જવાબ આપવાનો છે તેનો હીસાબ, તથા મરણ બાદ ઉપરની અણદીઠ આલમમાં આપણી અહીંની કરણી પ્રમાણે ત્યાં ભોગવટો કરી પાછું કુદરતી કાયદે ઉરવાનના દરજ્જા પ્રમાણે સેંકડો વરસે આ દુન્યામાં પાછો જન્મ લેવાનો છે, વગેરે વગેરેનું જ્ઞાન દરેક નર તથા નારી જ્યારે ઉમ્મર પ્રમાણે સમજ શક્તિમાં આવે, ત્યારે તેને સૌથી પહેલાં મેળવવાનું છે, અને તે જ્ઞાન મેળવી તેનો અભ્યાસ કરી તે પ્રમાણે અમલ કરવાની ઘણી જરૂર છે. એ ઉપલા સવાલોનું જો બને તેટલું ખરૂં જ્ઞાન દરેક જણ મેળવે, તો પોતાની જીંદગી ખરી રીતે કેમ ગુજારવી તે સમજીને અમલ કરી શકે, પણ અફસોસ છે કે હાલના હાશમી યાને મંગળના ( કલીયુગના ) જમાનાના ખરાબ દોરમાં ( વખતમાં ) ઉપલી બાબદોનું જ્ઞાન ઘણાંજ થોડાં માણસો ધરાવે છે, અને જેઓ

જાણે છે તેઓ તે પ્રમાણે અમલ કરતા નથી યાને અમલ કરવાના અખાડા કરે છે. માત્ર ઘણાજ થોડા તેનો અમલ કરી પોતાના રવાનની વૃદ્ધિ કરવાની નેમ પાર પાડે છે.

ટુંકમાં આ દુન્યામાં આપણે જન્મ લઇએ છીયે તેનું કારણ એ છે કે આપણાં રવાન પર પહેલેથીજ પડેલો હોવીયતનો યાને મીનોઇ અજ્ઞાનતાનો પરદો ખસેડવાનો, પીગળાવવાનો છે, અને તેને જ્ઞાની નુરમાં ફેરવી નાખવાનો છે, પણ તેમ ન કરતાં તેના સબબે આગળા પસાર કીધેલા કેટલાક ભવોમાં આપણે જન્મીને જે જે ખરાબ કર્મો કીધાં છે તેનો ભોગવટો જ્યાં સુધી પુરો કરીશું નહી, ત્યાં સુધી આ દુન્યામાં પાછા જન્મમરણના ફેરા ખાયા કરીશું. કારણ કે ઉરવાન કદીમ ચીજ છે અને આપણાં ખરાબ કર્મોને લીધે તેની પર જે અનાસરી અંધકારનો વધુ ઘટ પરદો પડેલો છે, તે આપણે જ્યાં સુધી દીની કાયદા પ્રમાણે રહેણીકરણી તરીકતો વગેરે બરાબર પાળી પવિત્ર જીંદગી ગુજારી સંપુર્ણતામાં આવીશું નહી, ત્યાં સુધી તે ઉરવાનપર પડેલો અંધકારનો પરદો દુર થશે નહી, અને ઉરવાન જે આ અનાસરી કાયામાં ફસી પડેલું છે તે છુટું થઇ જ્યાં તેને ઉપલી આલમમાં જવાનું છે ત્યાં તે જઇ શકશે નહી અને પાછું ચાલુ ને ચાલુ આ દુઃખી દુન્યામાં સપડાયા કરશે. સુખ, દુઃખ, ગરીબાઇ, આફતો, રેલ, લડાઇ, ધરતીકંપ, દુકાળ, જાતજાતની બીમારીઓ, વરસાદનું બરાબર નહી પડવું, તેમજ જમીનમાં અનાજ ફળફળાદી વગેરેના પાકનું બરાબર નહી થવું એ સઘળું ઇન્સાનના પોતાનાંજ બુરાં કર્મો અને આચાર વિચારોને લીધે બને છે એમ નક્કી માનવું. માટે જો આ ઉપલી બધી આફતોમાંથી બચીને દુઃખો ભોગવવાં નહી હોય, તો આપણે રહેણીકરણી તદન સાફ રાખી **દીની તરીકતો કે જે માત્ર ખરાંજ સુખનાં સાધનો** છે, અને જેના અમલ વગર ઉરવાન કદીબી આગળ વધેજ નહી, તે જરૂર બા જરૂર પાળી ઉરવાનનો ઉપલી અણદીઠ આલમમાં કાયમનો વાસો કરવા માટે તદન પવિત્ર જીંદગી ગુજારવાની રાત દીવસ ચાલુ કોશેશો કરવી, કે જેને માટેજ આ આપણી જીંદગી જરૂરની છે અને જીવવું લાજમ છે.

આપણે કે જેઓ 'હેવાનાતે–નાતેકા' યાને બોલતી આદમ જાત છીએ, તેઓને આ દુન્યામાં જન્મ લેવાની જે મુળ મતલબ છે તે 'અહુમ અખીમ' યાને કે કુદરતમાં જે કાંઇ સાચ્ચું ( ખરૂં ) પડેલું છે તે જાણવાનો

ખરો અંતઃકરણનો સ્વભાવ દરેક આદમીએ પોતે જાતે કોશેશ કરીને ખીલવવાનો છે. હવે આદમજાત જો ચાહે તો પોતાના તમામ દુર્ગુણોને પોતાની અક્કલથી દુર કરી 'વોહુ-મનો' યાને કે પોતપોતીકાં અંતઃકરણમાં જે કુદરતમાં સાચ્ચું (ખરૂં) પડેલું છે તેવાજ વીચારો બરપા કરી (ઉભા કરી) 'બાતેની અહુ' યાને અંદરખાનેનો અંતઃકરણનો સ્વભાવ ખીલવી શકે છે, યાતો અક્કલ ઉપર દુર્ગુણોને ફાવવા દઇ 'અકો-મનો' યાને કુદરતથી ઉલટા ખોટા વિચારો બરપા કરે છે, (ઉભા કરે છે), અને અહુનો નાશ યાને સંકોચ કરે છે.

હવે મરણ પછીની હાલત શું છે તે ટુંકમાં જોઇશું:— જે પ્રમાણે જીવતાંજીવત આપણી રહેણીકરણી પ્રમાણે આપણે આ દુન્યામાં બધું સુખ દુઃખ વગેરે જોઇએ છીએ, તેમ મરણ બાદ પણ ચેહારમની બામદાદે જયારે આપણી રહેણીકરણીનો હીસાબ થાય છે, ત્યારે તે હીસાબના પ્રમાણ પ્રમાણે અને ઉરવાનના દરજ્જા પ્રમાણે સેંકડો વરસો સુધી રવાન હાય અફસોસના ધુન્નરામાં અણદીઠ આલમમાં પોતાનો વખત કહાડે છે, યા સારી કરણી પ્રમાણે સુખમાં વખત કહાડે છે, યાને આ દુન્યામાં કીધેલી પોતાની ભલી યા બુરી કેરદાર (રહેણીકરણીનો છાપ) ત્યાં જોઇ ખુશ યા દીલગીર અનુક્રમે થાય છે. જો તે ઉરવાનની કરણી ઘણીજ ખરાબ હોય છે, તો આ દુન્યામાં તેની ગમે તેટલી કીધેલી મરણની કીયાનો જોશ પણ બરાબર તેને મલતો નથી અને પ્રગટીકરણને (કુદરતના નેમેલા) કાયદેજ ચાલુ ધુન્નરામાં રહે છે, અને એકરાર કરે છે યાને પોતાના વીચારો ચલાવે છે કે હવે પછી હું સારાંજ કામો કરી નેક જીંદગી ગુજારીશ,

ત્યારે આપણે આ દુન્યામાં આવ્યા છીએ તે કાંઇ જેમ બધા જણ અજ્ઞાનતામાં બોલે છે તેમ ખાઇ, પી મોજમજાહ મારી, જેમ ગમે તેમ પોતાના મનના માની લીધેલા ખોટા ફાંટા પ્રમાણે દીન ધર્મ તજી દુરવંદી જીંદગી ગુજારવા નથી આવ્યા, પણ ખરૂં પુછો તો ગયા ભવોના તેમજ આ ભવના આપણાં બુરાં કર્મોનો રડી રડી, પસ્તાવો કરી તેનો ભોગવટો કરી, આ દુઃખી દુન્યા હમેશની છોડી જઇ, ઉપલી કાયમનું સુખ આપનારી દુન્યામાં જવા માટે આવ્યા છીએ, અને આ ઉપલી દુન્યામાં તેમ જવાનું કામ કાંઇ ખાવા જેવું સહેલ નથી. એજ સૌથી બીકટમાં બીકટ કામ છે. આ દુન્યામાં ઇનસાનને હસવા તેમજ મોજમજાહ મારવા કરતાં રડવાનું ઘણુંજ છે.

હસકર કોઇ ન પાઇયાં જીને પાયા સો રોય;
હસનેમેં જો હરી મીલે, તો કોણ દોહાગન હોય?
હાંસી ખેલે હરી મીલે, તો કોણ સહે ખુરસાંન?
કામ, ક્રોધ, તૃષ્ણા તજે, તાહિ મીલે ભગવાન.

અર્થઃ—'સંત કબીરજી છે કે હસતાં ખેલતાં યાને સહેલાઇથી કોઇએ ખોદાને મેળવ્યો નથી, પણ જેઓએ ખુદાને મેળવ્યો છે તેઓ બધાએ રડી રડીનેજ મેળવ્યો છે. કારણ કે હસતાં રમતાં જો ખુદા મળતા હતે તો સાધુ સંતો જંગલમાં એકાંતમાં વાસો કરતે નહી.

જો હસતાં રમતાંજ ખોદા મળી જતા હતે તો તે માટે બધી વેઠ કોણ માથે ઉઠાવતે? જ્યારે માણુસ જાહેરી ઇંદ્રિયોના વિષયો ભોગવવાની ઇચ્છા તેમજ પોતાના ગુસ્સા અને હવસોને દાબી દે છે અને બધી જાતના ખોટાં થોડા વખતનાં સુખો મેળવવાની તેની ઇચ્છા દુર થાય છે, ત્યારેજ તેને ખુદા મળી શકે છે.'

ખરી જીંદગી ગુજારવાની નેમ શું છે તેનું જ્ઞાન જે ઘણુંજ અગત્યનું અને સૌથી પહેલાં આ જીંદગીમાં જાણવાનું છે તેજ ઘણા મોટા ભાગે કોઇ તરફથી કેઠે આપવામાં આવતું નથી, અને ઉરવાનને આ દુન્યામાં ચાલુ દોજખમાં ખેચેલું રાખે તેવી પશ્ચિમની કેળવણી લઇ બી. એ., એમ. એ., એમ. ડી. થઇ, વકીલ, બેરીસ્તર, માજીસ્ત્રેટ, જડજ વગેરે વગેરે થઇ મોટા મોટા ખેતાબો અને પદ્વીઓ મેળવી માત્ર પૈસો કમાવાજ હાલના જડવાદી જમાનામાં આપણે પોતાને રાત દીવસ લપટાયલા જોઇએ છીએ, અને એ પશ્ચિમની કેળવણી ઉરવાનની વૃદ્ધિ કરવાની નેમ પાળવામાં કાંઇજ કામ લાગતી નથી અને ઉરવાનને ઉલટું વધુ જોખમદારીમાં મુકી ફોકટનો ફેરો ખવડાવે છે. કોઇબી પશ્ચિમની કેળવણીની મોટી પરિક્ષાઓમાં ઉરવાનની વૃદ્ધિ કેમ કરવી, અને જીંદગી કેમ પવિત્ર રીતે ગુજારવી તેમજ action & re-action કર્મ અને તેના પ્રતીફળનો કાયદો જે "કર ને જો" યાને જેવું કરિયે તેવું પામીએનો હીસાબ જે કુદરતમાં અચુક રીતે કાર્ય કરી રહ્યો છે તેના સવાલો પુછવામાં આવતા નથી, એ સઘળા કેળવણી લેનારાઓની ઘણીજ મોટી કમનસીબી અને ખરાબી સમજવી.

---

- Extract from the book titled: "Zoroastrian Life Procedure Code" - by B. B. Rivetna (pgs 258-261)